# કોવડિ-19 અને ક્ષય રોગ

કોરોનાવાયરસ (અથવા કોવડિ -19) મહામારીએ મેરીલેન્ડમાં ક્ષય રોગ (અથવા ટીબી) નવિારણ/સારવાર પર ધ્યાન કેન્દ્રતિ કરવાનું વધુ જરૂરી અને તાકીદનું કર્યું છે.

## કોવડિ-19 શું છે?

- કોવડિ-19 એ એક વાયરસથી થતી એક શ્વસનની બમિારી છે જે વ્યક્તથિી-વ્યક્તમિાં ફેલાય છે. આ વાયરસ ગંભીર રોગ પેદા કરી શકે છે અને તેના પરણિામે વશ્વિભરમાં લાખો લોકો મૃત્યુ પામ્યા છે. કોવડિ-19 નો કોઈ જાણીતો ઈલાજ નથી.

## ક્ષય રોગ અથવા ટીબી શું છે?

- ટીબી એ ગંભીર અને કેટલીકવાર જીવલેણ શ્વસન બમિારી (બેક્ટેરયિાથી થતી) છે જે સામાન્ય રીતે ફેફસાં પર હુમલો કરે છે, પરંતુ શરીરના અન્ય ભાગોને પણ અસર કરી શકે છે.
- **બે પ્રકારના ટીબી હોય છે - સુપ્ત ટીબી ચેપ અને સક્રયિ ટીબી રોગ.**
  - જો તમને **સુપ્ત ટીબીનો ચેપ** લાગે છે, તો તમે તેને અન્ય લોકોમાં ફેલાવી શકતા નથી. **તે** સક્રયિ ટીબી રોગ**માં વકિસી શકે છે.**
  - ટીબીના રોગની સારવાર કરવામાં ન આવે તો તે અન્ય લોકોમાં પણ ફેલાઈ શકે છે.
  - બંને પ્રકારના ટીબીની સફળતાપૂર્વક સારવાર કરી શકાય છે.




| બંનેના સામાન્ય લક્ષણો | વધારાના કોવડિ-19 લક્ષણો | વધારાના ટીબી રોગના લક્ષણો |
|---|---|---|
| • **કોવડિ-19 અને ટીબી બંનેથી થઈ શકે છે:**<br>o **ઉધરસ**<br>o **હાંફ ચઢવો**<br>o **તાવ**<br>o **ઠંડી**<br><br>• **સંક્રમતિ વ્યક્તિ છીંક, ઉધરસ વગેરે કરે ત્યારે ફેલાય છે.** | • લક્ષણો સંપર્કમાં આવ્યાના **2-14** દવિસો પછી વકિસી શકે છે.<br><br>• અન્ય લક્ષણો:<br>o સ્વાદ અથવા ગંધનો નવો અભાવ<br>o ગળું સુકાવું અને નાક જામી જવું/વહેતું નાક<br>o ઉબકા અથવા ઉલટી<br>o સ્નાયુઓ અથવા શરીરમાં દુખાવો<br>o ઝાડા | • **સુપ્ત ટીબી ચેપની જો સારવાર કરવામાં ન આવે તો અઠવાડયિાથી લઈને વર્ષો પછી** લક્ષણો વકિસી શકે છે.<br><br>• અન્ય લક્ષણો:<br>o રાત્રે પરસેવો અને સતત છાતીમાં દુખાવો<br>o ઉધરસમાં લોહી અથવા ગળફા આવવા<br>o અસ્પષ્ટ વજનમાં ઘટાડો અથવા થાક |

## કોણ ટીબી માટે ઉચ્ચ જોખમ પર છે?

- જે લોકો યુ.એસ., કેનેડા, ઓસ્ટ્રેલયિા, ન્યુઝીલેન્ડ અથવા પશ્ચમિી/ઉત્તરીય યુરોપ સવિાયના બીજા દેશમાં **રહ્યાં હોય અથવા મુલાકાત લીધી હોય.**
- જે લોકોની **રોગપ્રતકિારક શક્તિ નબળી હોય** (ઉદા. એચઆઈવી, અંગ પ્રત્યારોપણ, કેન્સર, ડાયાબટીસ, રોગપ્રતકિારક શક્તનિ અસર કરતી દવાઓનો ઉપયોગ વગેરે).
- ટીબીનો રોગ ધરાવતા લોકો સાથે **નજીકનો સંપર્ક હોવો.**
- **બેઘરપણા / કારાવાસ**નો ઇતહિાસ.

## તમારી અને તમારા પરવિારની સુરક્ષા કેવી રીતે કરવી

- જો તમે ક્ષય રોગ માટેના **ઉચ્ચ જોખમ** પર હો, તો તમારી સ્થતિ જાણવી અને જો તમને સુપ્ત અથવા સક્રયિ ટીબી હોય તો સારવાર લેવી મહત્વપૂર્ણ છે.
  - તમને **ટીબી હોય ત્યારે કોવડિ-19 થી બીમાર થવાથી** તે ગંભીર ગૂંચવણો તરફ દોરી શકે છે.
  - તમારા આરોગ્ય સંભાળ પ્રદાતા દ્વારા નર્દિેશતિ કર્યા મુજબ તમારી ટીબી **સારવારનું કડકપણે પાલન કરો.**
- કોવડિ-19 સાવચેતીઓ (સામાજકિ અંતર અને ચહેરાનું આવરણ) અપનાવો.
- અવારનવાર હાથ ધુઓ અને સપાટીઓને જંતુમુક્ત કરો.
- ધોયા વગરના હાથે તમારા ચહેરાને સ્પર્શવાનું ટાળો.
- જો તમને લક્ષણો હોય તો તમારા **આરોગ્યસંભાળ પ્રદાતા અથવા સ્થાનકિ આરોગ્ય વભિાગને કોલ કરો.**
- સંપર્ક ટ્રેસ કરવા બાબતની પુછપરછોના તરત જ જવાબ આપો.



## ક્યાં પરીક્ષણ કરાવવું / વધુ માહતિી

- **કોવડિ-19 પરીક્ષણ:** 211 પર કોલ કરો અથવા મુલાકાત લો https://coronavirus.maryland.gov/pages/symptoms-testing#locator
  - **મેરીલેન્ડમાં કોવડિ-19 પર વધુ માહતિી:** https://coronavirus.maryland.gov/
- **મેરીલેન્ડમાં ટીબી પર વધુ માહતિી:**
  - https://phpa.health.maryland.gov/oidpcs/ctbcp/pages/home.aspx

---

લોસ એન્જલસ કાઉન્ટી ડપિાર્ટમેન્ટ ઓફ પબ્લકિ હેલ્થ ટીબી કંટ્રોલ પ્રોગ્રામની પરવાનગી સાથે અનુકૂલતિ

*ટીબી નયિંત્રણ અને નવિારણ માટે MDH સેન્ટર નવેમ્બર 2020*